જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૬/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૬૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૧૯ લીટર દેશી દારૂ, ૨૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ ઝડપી રોકડ રૂપિયા ૨૩,૯૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૬૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૭૬૬/૨૦૨૬**

નરોડાઃ રક્ષિત સ/ઓ તેજપાલ જૈન (ઉ.વ.૨૩)(રહે, આર્ચિડ ગ્રીન સોસાયટી, ગિરધરનગર, શાહીબાગ) એ તા.૩૧/૦૫/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૨૬ રાતના ૯/૩૦ થી તા.૨૪/૦૫/૨૦૨૬ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા પાટીયા પાસે, ધનુષધારી મંદિરની ગલીમા, વિશ્વકર્મા એસ્ટેટમા આવેલ પોતાની "મહાવીર એન્ટરપ્રાઈઝ" નામની બંધ ફેક્ટરીનું શટર તોડી, અજાણી વ્યક્તિ ફેક્ટરીમાં પ્રવેશ કરી, સ્ટોરરૂમના દરવાજાનું તાળું તોડી, ફેક્ટરીમાંથી અલગ–અલગ વજનની કોપરના તારની રીલ નંગ–૪૧ કિમત રૂપિયા ૧,૭૫,૦૦૦/– તેમજ અલગ–અલગ વજનની એલ્યુમીનીયમની તારની રીલ નંગ–૬૫ કિમત રૂપિયા ૭૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૪૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી